RNI NO GUJGUJ/2005/23814
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
JAMNAGAR
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭
● સંવત ૨૦૮૨ પોષ વદ -૭ | શુક્રવાર, તા.૦૯-૦૧-૨૦૨૬ | અંક : ૧૦ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# રશિયાએ અમેરિકાને આપી પરમાણુ હુમલાની ધમકી

## ઓઈલ ટેન્કર જપ્ત કરવામાં આવતા રશિયા વિફર્યું : અમેરિકાના પગલાને રશિયાના સંરક્ષણ સમિતિના વરિષ્ઠ સભ્ય અને સાંસદ એલેક્સી ઝુરાવલેવે ખુલ્લી ચાંચિયાગીરી ગણાવી



મોસ્કો
ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં અમેરિકી સેના દ્વારા રશિયન ફ્લેગ ધરાવતા ઓઈલ ટેન્કર 'મરીનેરા'ને જપ્ત કરવામાં આવતા રશિયા અને અમેરિકા વચ્ચે ગંભીર સૈન્ય સંઘર્ષની સ્થિતિ સર્જાઈ હતી. રશિયાના સંરક્ષણ સમિતિના વરિષ્ઠ સભ્ય અને સાંસદ એલેક્સી ઝુરાવલેવે આ ઘટનાને 'ખુલ્લી ચાંચિયાગીરી' ગણાવી અમેરિકાને પરમાણુ હુમલાની ગંભીર ધમકી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે રશિયન ફ્લેગ હેઠળના જહાજ પરનો હુમલો એ રશિયન પ્રદેશ પરના હુમલા સમાન છે, અને રશિયાની સૈન્ય નીતિ આવી સ્થિતિમાં પરમાણુ શસ્ત્રોના ઉપયોગની મંજૂરી આપે છે.

રશિયન સાંસદે સોશિયલ મીડિયા પર આક્રમક નિવેદન આપતા કહ્યું કે, અમેરિકાને રોકવા માટે રશિયાએ સૈન્ય સ્તરે વળતો જવાબ આપવો જોઈએ. તેમણે ભલામણ કરી હતી કે રશિયાએ અમેરિકન કોસ્ટ ગાર્ડની બોટ પર ટોર્પિડોથી હુમલો કરી તેને ડૂબાડી દેવી જોઈએ. ઝુરાવલેવે આક્ષેપ કર્યો હતો કે વેનેઝુએલામાં કરેલી કાર્યવાહી બાદ અમેરિકા બેફામ બન્યું છે અને તેને પાઠ ભણાવવો જરૂરી છે. અહેવાલો છે કે આ જપ્ત કરાયેલા જહાજની આસપાસ રશિયન સબમરીન અને અન્ય યુદ્ધ જહાજો પહેલેથી જ તૈનાત હોવાથી સમુદ્રમાં ગમે ત્યારે અથડામણ થવાની ભીતિ સેવાઈ રહી છે .બીજી તરફ, અમેરિકાના યુરોપિયન કમાન્ડે દાવો કર્યો છે કે આ ટેન્કર અમેરિકી પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી રહ્યું હતું.

# વેનેઝુએલા બાદ હવે મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ્સ વિરૂધ્ધ અમેરીકા જમીની કાર્યવાહી કરશે

## દરિયાઈ માર્ગે ડ્રગ્સની થતી હેરાફેરી બાદ હવે ડ્રગ્સ માફીયાઓ વિરુદ્ધ જમીની કાર્યવાહી કરવા અમેરિકાની તૈયારી

વોશિંગ્ટન
વેનેઝુએલામાં સૈન્ય કાર્યવાહી બાદ, હવે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાડોશી દેશ મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ્સ વિરુદ્ધ જમીની કાર્યવાહી શરૂ કરવાની જાહેરાત કરી છે. પ્રમુખ ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે મેક્સિકો પર ડ્રગ તસ્કરોનું રાજ છે, જેઓ દર વર્ષે અમેરિકામાં ૩,૦૦,૦૦૦ લોકોના મોત માટે જવાબદાર છે. આ જાહેરાત બાદ અમેરિકા અને મેક્સિકો વચ્ચે તણાવ વધવાની પૂરી સંભાવના છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં લખ્યું, "અમે હવે ડ્રગ તસ્કરો વિરુદ્ધ જમીની કાર્યવાહી શરૂ કરવા જઈ રહ્યા છીએ. મેક્સિકો પર ડ્રગ તસ્કરોનું રાજ છે. તે દેશની હાલત જોઈને ખૂબ જ દુઃખ થાય છે, પરંતુ ડ્રગ તસ્કરોનું રાજ છે અને તેઓ દર વર્ષે આપણા દેશમાં ૩,૦૦,૦૦૦ લોકોનો જીવ લઈ રહ્યા છે." આ પહેલા, ગુરુવારે રાત્રે ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં, ટ્રમ્પે દાવો કર્યો હતો.

# ભારતમાં વાહન અકસ્માતો રોકવા હવે વ્હીકલ ટુ વ્હીકલ પોલિસી અપનાવાશે

## સ્લીપર બસમાં આગ લાગતી રોકવા કેન્દ્રીય પરિવહન મંત્રીએ આપ્યો આદેશ : સ્લીપર બસ અકસ્માત બાદ આગની ઘટના રોકવા પગલું : કેટલાક અકસ્માત કેસની તપાસ સીબીઆઈ કરશે


નવી દિલ્હી
દેશમાં વધતી સડક દુર્ઘટના અને સ્લીપર બસ બનાવવામાં આવતી બેદરકારીના કારણે બની ઘટના રોકવા કેન્દ્રીય માર્ગ, પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, કેટલાક કેસની તપાસ સીબીઆઈ કરશે. પ્રાઈવેટ બસ બોડી બિલ્ડર્સ દ્વારા સ્લીપર બસ બનાવતી વખતે દાખવવામાં આવતી બેદરકારી, સુરક્ષા માપદંડ પૂરા ન કરવા છતાં ફિટનેસ સર્ટિફિકેટ આપવું તથા અન્ય પ્રકારના કૌભાંડની આશંકાને જોતા કેટલાક કેસની તપાસ સીબીઆઈને કરવા ભલામણ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે, અમારા ઘણા પ્રયત્ન પછી પણ માર્ગ અકસ્માતમાં ઘટાડો થવાના બદલે વધારો થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ મહિનામાં રાજસ્થાન સહિત અન્ય રાજયોમાં સ્લીપર બસમાં આગ લાગવાની પાંચથી છ ઘટના સામે આવી છે. જેમાં ૧૪૦ થી વધુ લોકોના મૃત્યુ થયા છે. અમે કોઈપણ પ્રકારની માફી કે અવગણના કરવાના મૂડમાં નથી. આ બાબતો પર અંકુશ લાવવો જરૂરી છે.આ મામલે મંત્રાલય દ્વારા રાજસ્થાન સરકારને પત્ર લખીને પૂછવામાં આવ્યું છે કે, આવી દુર્ઘટનાઓ માટે કોણ જવાબદાર છે, કયા પ્રકારની બેદરકારી દાખવવામાં આવી હતી. અમે જવાબદાર અધિકારીઓને પણ છોડીશું નહી.

આ ઉપરાંત જ્યારે પણ આવા કેસ સામે આવશે ત્યારે જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવશે.આ ઉપરાંત કેન્દ્રીય પ્રધાન ગડકરીએ કહ્યું કે, વાહનોની પરસ્પર ટક્કર થતી રોકવા માટે વ્હીકલ ટુ વ્હીકલ સિક્યોરિટી ફીચર પર કામ કરવામાં આવી રહ્યું છે. આ ટેકનિકથી કારોની સ્પીડ, અચાનક બ્રેક લગાવવી, ગાડી ઉભી રાખવી અને લોકેશન આપવું જેવી રિયલ ટાઈમ જાણકારી શેર થશે. જેનાથી ટક્કરથી બચી શકાશે.

# પશ્ચિમ બંગાળના રાજ્યપાલને જાનથી મારી નાખવાની મળી ખુલ્લી ધમકી

## બોમ્બ દ્વારા ઉડાવી દેવાની ઈમેલ મારફત ધમકી આપનારે પોતાનો મોબાઈલ નંબર પણ આપ્યો



કોલકાતા
પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝને એક ઈમેલ દ્વારા જીવથી મારી નાખવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો હતો. રાજભવનના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, અજાણ્યા શખ્સે ઈમેલમાં રાજયપાલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. ચોંકાવનારી બાબત એ છે કે મોકલનાર આરોપીએ ઈમેલમાં પોતાનો મોબાઈલ નંબર પણ આપ્યો હતો. આ ગંભીર મામલે રાજ્યના ડીજીપીને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને આરોપીની ધરપકડ કરવાના આદેશો આપવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાન મમતા બેનર્જી અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયને પણ આ ઘટના અંગે વિગતવાર જાણકારી આપી દેવામાં આવી હતી.

રાજ્યપાલને મળેલી આ ધમકી બાદ તેમની સુરક્ષામાં ધરખમ વધારો કરવામાં આવ્યો હતો. સીવી આનંદ બોઝને પહેલેથી જ ઝેડ-પ્લસ સુરક્ષા મળી રહી છે, પરંતુ હવે તેમની સુરક્ષા માટે વધારાના કેન્દ્રીય પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. હાલમાં લગભગ ૬૦ થી ૭૦ સીઆરપીએફ અને રાજ્ય પોલીસના જવાનો સંયુક્ત રીતે તેમની સુરક્ષા વ્યવસ્થા સંભાળી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓ આ ઈમેલના મૂળ સુધી પહોંચવા માટે ટેકનિકલ તપાસ ચલાવી રહી છે.

# પાકિસ્તાનના વડાપ્રધાન વિરુદ્ધ બલુચિસ્તાનની નિર્વાસિત સરકારે ધરપકડ વોરંટ ઈસ્યૂ કર્યું

## શાહબાઝ શરીફે બલુચિસ્તાનના વિઝા નિયમોનું ઉલ્લંઘન કરવા મામલે ધરપકડ વોરંટ ઈસ્યૂ કરતા પાકિસ્તાનના રાજકારણમાં ખળભળાટ

ઈસ્લામાબાદ
પાકિસ્તાનના રાજકારણમાં અત્યારે ભારે હલચલ મચી ગઈ છે. સામાન્ય રીતે કોઈ દેશના વડા પ્રધાન વિરુદ્ધ તેમના જ દેશમાં કે અન્ય સંસ્થાઓ દ્વારા કાર્યવાહી થતી હોય છે, પરંતુ આ વખતે મામલો કંઈક અલગ છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ વિરુદ્ધ બલુચિસ્તાનની 'નિર્વાસિત સરકાર' દ્વારા ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. આ ઘટનાને પગલે પાકિસ્તાનની આંતરિક સુરક્ષા અને બલુચિસ્તાન મુક્તિ આંદોલનની ઉગ્રતા ફરી એકવાર વિશ્વના મંચ પર ચર્ચાનું કેન્દ્ર બની છે.


આ ધરપકડ વોરંટ જારી કરવા પાછળનું કારણ અત્યંત ચોંકાવનારું છે. બલુચિસ્તાનની નિર્વાસિત સરકારનો આરોપ છે કે શાહબાઝ શરીફે બલુચિસ્તાનના વિઝા નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. બલૂચિસ્તાન રિપબ્લિકના નેતા મીર યાર બલોચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે, પાકિસ્તાનના વડા પ્રધાને બલુચિસ્તાનની સંપ્રભુતાને જાણીજોઈને ગંભીર નુકસાન પહોંચાડ્યું છે અને તેના કારણે તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# ઈરાનમાં મધ્યરાત્રિએ ૫૦ શહેરોમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા : વાહનો અને સરકારી ઈમારતો સળગાવી

## ટ્રમ્પની ધમકી અને ઈરાન દ્વારા એરસ્પેસ બંધ કરવાના નિર્ણયથી ખાડી દેશોમાં તણાવ ચરમસીમા પર

તહેરાન
ઈરાનમાં છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શને અતી ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગુરુવારે રાત્રે ઈરાનથી નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રઝા પહલવીએ લોકોને રસ્તા પર આવવાની અપીલ કરતાની સાથે જ ઈસ્લામિક રિપબ્લિક સામે જુવાળ ઉમટી પડ્યો હતો. રાજધાની તેહરાન સહિત દેશના અંદાજે ૫૦ થી વધુ શહેરોમાં લોકોએ રેલીઓ કાઢી હતી.

આ પ્રદર્શનોમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, લોકો રઝા પહલવીના સમર્થનમાં નારા લગાવી રહ્યા હતા. મળતી વિગતો અનુસાર, ગુરુવારે રાત્રે ઈરાનમા ચાલી રહેલા વિરોધ પ્રદર્શને એટલું ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે તેને રોકવું કઠણ થઈ પડ્યું હતું. સ્થિતિ એટલી હદે વણસી ચુકી હતી કે ઈરાને મોડી રાત્રે તેના એરસ્પેસને બંધ કરવાની ફરજ પડી છે અને અનેક વિસ્તારોમાં 'નોટિસ ટુ એરમેન' જારી કરવામાં આવી છે. અહેવાલો મુજબ, સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને ઈરાને તેની સંરક્ષણ પ્રણાલી પણ સક્રિય કરી દીધી છે.ઈરાનની આ આંતરિક અશાંતિ વચ્ચે આંતરરાષ્ટ્રીય દબાણ પણ વધ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈસ્લામિક શાસનને કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે પ્રદર્શનકારીઓ સામે બળપ્રયોગ કરવામાં ન આવે. ટ્રમ્પની આ ધમકી અને ઈરાન દ્વારા એરસ્પેસ બંધ કરવાના નિર્ણયથી ખાડી દેશોમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.



# કોલકાતામાં દરોડા મામલે તૃણમૂલ કોંગ્રેસ સાંસદોનો ગૃહ મંત્રાલય સમક્ષ દેખાવો

## રાજકીય સલાહકાર કંપનીમાં ED ના દરોડા મામલે બંગાળથી લઈને દિલ્હી સુધી રાજકીય ઘમાસાણ : મમતા બેનરજીએ તપાસ એજન્સી વિરુદ્ધ કોર્ટમાં અરજી આપી

નવી દિલ્હી
પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી નજીક આવતાની સાથે જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. ગુરુવારે કોલકાતામાં રાજકીય સલાહકાર કંપનીની ઓફિસ પર ઈડીના દરોડા બાદ મુખ્યમંત્રી મમતા બેનરજીએ તેને રાજકીય બદલાની કાર્યવાહી ગણાવીને મોરચો ખોલી દીધો છે. આ મામલો હવે બંગાળથી દિલ્હી પહોંચી ગયો છે, જ્યાં ટીએમસીના સાંસદોએ ગૃહ મંત્રાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

.કોલકાતામાં I-PAC ઓફિસ પર ઈડીના દરોડાના વિરોધમાં તૃણમૂલ કોંગ્રેસના ૦૮ સાંસદોએ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યાલયની બહાર ધરણા અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ડેરેક ઓ'બ્રાયન, શતાબ્દી રોય, મહુઆ મોઈત્રા, કીર્તિ આઝાદ અને ડો. શર્મિલા સરકાર સહિતના સાંસદો ધરણા પર બેઠા હતા. જોકે, દિલ્હી પોલીસે વિરોધ કરી રહેલા તમામ સાંસદોની અટકાયત કરી હતી. ઈડીએ 'બંગાળ કોલસા કૌભાંડ' સાથે જોડાયેલી તપાસના ભાગરૂપે રાજકીય રણનીતિકાર પ્રશાંત કિશોરની કંપની I-PACની ઓફિસ પર દરોડા પાડ્યા હતા.

# લાલુપ્રસાદ યાદવના પરિવાર વિરુદ્ધ નોકરી માટે જમીન કેસમાં કોર્ટે આરોપો ઘડયા

## જમીનના બદલામાં નોકરી આપવાના કેસમાં લાલુપ્રસાદ યાદવ સહિતના આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ચાલશે કેસ

નવી દિલ્હી
દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની રાબડી દેવી, પુત્રી મીસા ભારતી, પુત્ર તેજસ્વી યાદવ અને કથિત નોકરી માટે જમીન કૌભાંડના અન્ય આરોપીઓ સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે. કોર્ટે તમામ આરોપીઓને રૂબરૂ હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે.

એડવોકેટ એજાઝ અહેમદે જણાવ્યું હતું કે, "સીબીઆઈ કોર્ટે લાલુ પ્રસાદ યાદવ, મીસા ભારતી, તેજસ્વી યાદવ, તેજ પ્રતાપ યાદવ અને હેમા યાદવ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦, ૧૨૦બ અને ૧૩ હેઠળ આરોપો ઘડ્યા છે. ૨૯ જાન્યુઆરીએ આરોપો ઘડવામાં આવશે." રાઉઝ એવન્યુ કોર્ટે શુક્રવારે રાષ્ટ્રીય જનતા દળના વડા અને ભૂતપૂર્વ રેલ્વે મંત્રી લાલુ પ્રસાદ યાદવ સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે. ૧૯ ડિસેમ્બરના રોજ સુનાવણી દરમિયાન, ખાસ ન્યાયાધીશ વિશાલ ગોગણેએ જણાવ્યું હતું કે આરોપો ઘડવા અંગેનો આદેશ ૯ જાન્યુઆરીએ સવારે ૧૦:૩૦ વાગ્યે જાહેર કરવામાં આવશે. અગાઉ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન એ કોર્ટમાં એક ચકાસણી અહેવાલ દાખલ કર્યો હતો જેમાં જણાવાયું હતું કે ચાર્જશીટમાં નામ આપવામાં આવેલા ૧૦૩ આરોપીઓમાંથી પાંચનું મૃત્યુ થયું છે.